સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પ્રજા ન સેવા સાથે સંબંધ, સત્તાની ભૂખ છે,
મળ્યો ધનિકોનો સાથ, ચમચાઓની કૂખ છે,
દુખ છે મોટું આ 'મેલી-મથરાવટી' ધોવાનું -
લઇ-લેશે લેખાં-જોખાં વેપારીની નૂખ છે..
નૂખ = અટક (કચ્છી શબ્દ)

હાઈકુ

અબજોપતિ!
છે અદાણી-અંબાણી,
ઉતારો ફિલ્મ!
(વ્યક્તિગત હુમલા)

જાય છે નીચું
પ્રચાર-નેતૃત્વનું -
બૌદ્ધિક સ્તર..
(ગંદી ભાષા-શબ્દો)

ચિંતન

વિષાદપ્યમૃતં ગ્રાહ્યં બાલાદપિ સુભાષિતમ્ । અમિત્રા દપિ સદ્વૃત્તં અમેધ્યાદપિ કાંચનમ્ ॥

'ઝેરી (વનસ્પતિઓ) માંથી મળતું અમૃત પણ સ્વીકાર્ય છે બાળક પાસેથી મળતા સારા વિચાર પણ આવકાર્ય છે, જો દુશ્મનમાં પણ કોઇ સદ્ગુણો હોય તો એ પણ સ્વીકાર્ય છે, અને ગંદી જગ્યામાં જો 'સોનું' પડેલું હોય તો તે પણ લઈ લેવામાં કોઇ બાધા નથી અર્થાત તે પણ ઉપાડી લેવું.'

ઘણા પરિવારો-કુળમાં આજે પણ ઊંચ-નીચ, જાતિ-ધર્મ, રંગભેદનાં વિષમય વર્તુળો હયાત છે પરિણામે કેટલીય આશાભરી કન્યાઓની કરપીણ હત્યા થઇ જાય છે. સદ્ગુણ સંસ્કાર હોય તો કુળ-જાત-ધર્મ જોવાની જરૂર નથી.

વનસ્પતિ ઝેરી હોય પણ તેનો સદુપયોગ જો અકસીર હોય બાહ્ય ઉપયોગ માટે કે ઉલ્ટી માટે આવશ્યક થઇ પડે છે. માત્ર તેનું 'ઝેરીપણુ' ત્યાજય નથી.

બાળકને પૂર્વજન્મના સંસ્કાર ઉત્તમ હોય તો તેની સ્મૃતિ નાનીવયમાં સારું 'જ્ઞાન' ધરાવે છે તે માત્ર બાળક હોવાને કારણે જ ઉપેક્ષા ન કરવી. દુશ્મનમાં પણ સારો સ્વભાવ-સદ્ગુણ હોય તો તેનું અનુસરણ કરવું.

સોનું જો 'ગંદકી' માં પડ્યું હોય તો પણ ઉપાડી લેવું જોઇએ.

સુવિચાર

- કંઇક સળગતું ઠારવાની વૃત્તિ હોય તો પણ, એ આગ છે કે તાપણું એ પ્રથમ નક્કી કરવું - *માનસ સૂત્ર*
- મને તો કોઇ વાર ફીદા થવામાં ખુદા જેટલી ખુમારી લાગે છે.. સાચા પ્રેમ ને પામ્યા પછી જીંદગી સ્વર્ગની અટારી લાગે છે - *અખંડ આનંદ*
- અરસપરસનાં પ્રેમને કોઇ જ પ્રમાણપત્રની જરૂર નથી, તે સ્વયં વ્યક્ત અને પ્રશસ્ત છે - *હૃદયસૂત્ર*
- જીંદગીમાં ગમે તેટલી મુશ્કેલીમાં કોઇની પણ મદદ ન લેવી, કારણ કે મુશ્કેલીઓ તો થોડા દિવસની હોય છે જયારે અહેસાન જીંદગી ભરનો - *પન્નાલાલ પટેલ*
- દિવસમાં એક સારૂં માનવતાવાદી કાર્ય કરવું તે પૂણ્યનો ઉદય સૂચવે છે- *અમૃતબિંદુ*
- જીંદગી અને શતરંજમાં સામ્ય છે, કાળાધોળા ચોકઠામાં સુખદુઃખ સમપ્રમાણ છે - *સ્વેટ મોર્ડન*
- શિક્ષણ એટલે આપણા આનંદમય અસ્તિત્વના ઉત્સવની સુગંધ - *એસ. ભટ્ટાચાર્ય*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

અમારા સેક્ટરમાં એક વણઝારો, છરી-ચપ્પુ સમજાવવાનું હાથ મશીન લઇ આવતો, લોકો છરી-ચપ્પુ એકાદ માસમાં સજાવવાની જરૂર ન હોય તો પણ એને આર્થિક મદદ કરવાના બહાને પણ કપડાં-પૈસા આપી મદદ કરતા, પણ એકવાર મશીન બગડ્યું અને ગ્રાહકો પાસે 'ભીખ' ની જેમ અનાજ પૈસા માગવા લાગ્યો. ટેવ પડી ગઇ. મફ્ત-મહેનત વિના લેવાની...

બાદશાહ અકબરને કોઇ અરબી રાજાએ બે બાજપક્ષીનાં બચ્ચાં ભેટ આપ્યાં. અકબરે એ બચ્ચાં એક પક્ષી નિષ્ણાતને ઉડવા-શિકારની તાલીમ આપવા સોંપ્યા... થોડા મહિના પછી અકબર-બીરબલ તાલીમ કેટલે પહોંચે તેની તપાસ કરવા ગયા.

શિક્ષકે સમસ્યા મૂકી. એક તો બરાબર બધું શીખે છે પણ બીજું તમારા ઝરૂખા સામેની ડાળે બેસી જ રહે છે! સમજાતું નથી! અકબરે, બીરબલ સામે જોયું.

બીરબલ કહે, કાલથી ઉડતું થઇ જશે. કાલે સાંજે તમે ઝરૂખામાં આવજો. બીરબલ, તે જ સમયે શિક્ષક અને બાજને લઇ ઝરૂખા પાસે આવ્યા અને બાજ ત્યાં આસપાસ ઉડતું જ રહ્યું. બાદશાહ અને શિક્ષકને આશ્ચર્ય થયું, પૂછ્યું, આમ કેમ થયું? બીરબલ કહે એને જે ડાળ પર બેસવાની ટેવ પડી ગઇ હતી એ જ મેં કપાવી નાખી!

આપણે સુખ-સગવડ, મફ્ત-પરિશ્રમ વિના મેળવવાની સલામત ડાળખી પકડીને બેસી રહીએ છીએ, પછી ઉડવાની પ્રગતિ-સાહસની ઇચ્છા જ થતી નથી.. કોઇ ડાળ કાપે ત્યારે ખરું!

Email - sureshchandrabhatt18@gmail.com

"Better than the 'Better Half'!"

તાજેતરમાં એક રીશેપ્શનમાં જવાનું થયું ત્યારે 'Wellcome Drink "વેલકમ ડ્રીંક પીતાં પીતાં એક વિચાર સ્ફૂર્યો કે સાહિત્યક્ષેત્રે પણ આવું - 'Wellcome Drink' વેલકમ ડ્રીંક જેવું- કાંઇક કર્યું હોય તો?! દાખલા તરીકે લેખની શરૂઆતમાં આવી કોઇક વાત લખી હોય કે જેને ઓળખ આપીએ- 'Wellcome thought' કે Wellcome વાત!' કે જેને મૂળ લેખ સાથે કાંઇ લેવાદેવા ન હોય! એટલે કે ન્હાવા નિચોવા નોય સબંધ ન હોય! (આ વાંચી અમારા એક મિત્રે અમારી મજાક કરતાં કહેલું કે આમેય તે ઘણીવાર તમારા લેખોમાં ઘણી વાતોને ક્યાં કાંઇ ન્હાવા નિચોવાનોય સબંધ હોય છે!) ! 'શુભશ્ય સિગ્રમ'ની જેમ અમે આ લેખમાં જ તે નવા વિચારને અમલમાં મૂકી રહ્યા છીએ!

તો હવે વાંચો - Wellcome વાત! - આજકાલ મહિલાઓના ગળામાંથી 'ચેઇન સ્નેચીંગ'ના બનાવો ખૂબ જ વધી ગયા છે. કામ માટે બહાર ગયેલી મહિલાના ગળામાંથી રસ્તે જતાં ચેઇન સ્નેમીંગ થાય સમજી શકાય તેવી વાત છે! તેવી ઘટનાએ તો તેની ન્યૂઝ વેલ્યુ કયારનીય ગુમાવી દીધી છે! પરંતુ તાજેતરમાં તો એક બનાવ એવો બન્યો કે ઘરમાં જ કામ કરી રહેલી મહિલાના ગળામાંથી બહારથી કોઇ ચેઇન સ્કનેચર બારી દ્વારા ચેઇન સ્નેચ કરી ગયો!

> ***ગરમીની ચરમસીમામાં ચૂંટણીની ગરમી ઉમેરાઇ રહી છે! ત્યારે ગાંધીનગરની લોકસભાની સીટ પર લોકો આ ગરમીનો ગુસ્સો ઉતારવાની માનસિક તૈયારી કરીને બેઠાં હતાં! પરંતુ લોકો દ્વિધામાં છે કે પક્ષ અને નેતૃત્વની કમળ જેવી (!) કાબેલિયતને જોઇને ઉમેદવારને મત આપવો કે પછી ઉમેદવારની મતક્ષેત્ર પ્રત્યેની અત્યાર સુધીની કાદવ જેવી (!) ઉદાસીનતાને કારણે તેમને મત ન આપવો?!***

હળવાશની ક્ષણોમાં!

- ચિત્રસેન શાહ

ત્યારે બોલી જવાય કે- 'શું કલિયુગ આવ્યો છે!' પરંતુ અમારે ત્યાં આજે આનાથી ઊલટું થયું! (ચેઇન સ્નેમીંગની વાત નથી! વાત કલિયુગ અને સતયુગની છે!) છેલ્લા ઘણા વર્ષોથી જયારે વન્ય પશુ-પક્ષી-પ્રાણી લુપ્ત થઇ રહ્યા છે તેવા સંજોગોમાં અમારા કમ્પાઉન્ડવોલ ઉપર તેમજ કમ્પાઉન્ડના ગેઇટ પર બબ્બે મોરને આરામ ફરમાવતા જોઇને અમે આનંદનો આંચકો અનુભવ્યો અમારી આંખને ઠંડક થઇ અને ખૂબસુરત મોરને જોઇ મન આનંદથી ઝૂમી ઉઠ્યું! (મોર ખૂબસુરત જ હોય!- ખૂબસુરત લખવાની.. આ જોઇને અમને થયું કે- 'શું સતયુગ આવ્યો છે! ઘર આંગણે બબ્બે મોર!'

અમે મોરને મોબાઇલ કેમેરામાં ઝડપી લીધા! હવે મોર અમારા મોબાઇલમાં છે અને મોબાઇલ અમારા પોકેટમાં છે! આને કહેવાય પોકેટમાં મોર! Wellcome વાત(!) અહીં પૂરી થાય છે! હવે મૂળ લેખની શરૂઆત કરીએ!

આ લેખના શિર્ષક 'Better than the 'Better half!' માં અમારા એક મિત્રને 'સાળી' દેખાઇ! કહેવાય છે ને કે 'સાળી આધી ઘરવાલી!' એ હિસાબે તેમને કદાચ દેખાઇ હશે! મીંશિબ્દમાં તેમને કદાચ 'ઘરવાલી બહારવાલી' એ પિક્ચરનું ટાઇટલ પણ દેખાયું હોય! એ તો જે હોય તે પરંતુ ખરેખર વાત આ નથી! હું હજું ખરેખર વાત લખવાની શરૂઆત કરું ત્યાં જ ટી.વી. પર એક રસપ્રદ 'બ્રેકીંગ ન્યુઝ' આવ્યા - 'મોદી કે ગઢ મેં આડવાણી કા ઘર!'

અને મૂળ વાત આડે રસ્તે ફંટાઇ ગઇ! મૂળ વાતના રસ્તામાં રાજકારણ રૂપી 'ડાઇવર્ઝન' આવ્યું!

ગરમીની ચરમસીમામાં ચૂંટણીની ગરમી ઉમેરાઇ રહી છે! ત્યારે ગાંધીનગરની લોકસભાની સીટ પર લોકો આ ગરમીનો ગુસ્સો ઉતારવાની માનસિક તૈયારી કરીને બેઠાં હતાં! પરંતુ લોકો દ્વિધામાં છે કે પક્ષ અને નેતૃત્વની કમળ જેવી (!) કાબેલિયતને જોઇને ઉમેદવારને મત આપવો કે પછી ઉમેદવારની મતક્ષેત્ર પ્રત્યેની અત્યાર સુધીની કાદવ જેવી (!) ઉદાસીનતાને કારણે તેમને મત ન આપવો?!

પરંતુ શક્યતા તો એવી છે કે રામના નામે પત્થર તરી જાય તેમ મતદારો અનિચ્છાએ પણ નાપસંદીના ઉમેદવારને પસંદ કરી આવશે!

વળી ચૂંટણીના આવા માહોલમાં તો ભલભલાના મગજ ચકરાવે ચડી જાય તેવા બનાવ બને છે! એક ન્યૂઝપેપરમાં એક રસપ્રદ હેડીંગ વાળા સમાચાર વાંચ્યા કે - 'મારે તો મોદી કરતાં પણ મોટા માણસ બનવું છે!'

નરોડામાં એક માનસિક રીતે અસ્વસ્થ કિશોર એક મોબાઇલ ટાવર પર ચડી ગયો હતો (જેમ શોલે પિક્ચરમાં ધર્મેન્દ્ર પાણીની ટેન્ક પર ચડીને બૂમ પાડતો હતો!) અને બૂમો પાડીને કહેતો હતો કે - 'મારે તો મોદી કરતાં પણ મોટા માણસ બનવું છે!' તે કિશોર કદાચ એમ પણ માનતો હોય કે મોબાઇલ ટાવર પરથી બૂમ પાડે છે તેથી તે ટાવરના સર્વિસ પ્રોવાઇડરના બધા જ ગ્રાહકોના મોબાઇલ પર આ મેસેજ (એસએમએસ) પહોંચી જશે!

બીજી એક અસ્વસ્થ (!) ભાઇએ તો વળી એવી જાહેરાત કરી કે 'મોદી સાહેબ પી.એમ. બનશે પછી જ હું લગ્ન કરીને સુખી થવા માંગુ છું!'

લ્યો બોલો, આ ભાઇને લગ્ન કરીને સુખી થવુ છે! હસવું કે લોટ ફાંકવો એ બંને એક સાથે કેવી રીતે શક્ય બને! હવે મૂળ વાત પર આવીએ તો આ લેખના ટાઇટલ અંગે અમારા મિત્રે જે ધારણા કરી હતી તે ખોટી હતી! ખરેખર તો વાત આ પ્રમાણે હતી - મારા બર્થડે નિમિત્તે મારા Better half - એટલે કે પત્નીએ મને સુંદર શર્ટસની ગિફ્ટ આપી!

Arrow - Raymons અને Van Heusan જેવી જાણઈતી બ્રાન્ડના શર્ટસ હોય એટલે ખુબસૂરત જ હોય ને!

પત્નીએ જયારે પુછ્યું 'ગિફ્ટ કેવી લાગી' ત્યારે અમારાથી બોલાઇ જવાયું "Better Than the 'Better Half'!" આ સાંભળી પત્નીના મુખ પર વિષાદના વાદળ છવાઇ ગયા!

તેમને લાગ્યું કે - 'અમને તેમના કરતાં ગીફ્ટ વધારે સારી લાગી?!'

આ એક Human Weakness છે! કોઇને પણ આ ન જ ગમે! પાછળથી પણ થયું કે 'ગિફ્ટ કેવી લાગી?' એ પ્રશ્નનો અમારો જવાબ આ હોવો જોઇતો હતો - 'Better than the Best!'

આસનની ઉપયોગીતા વિષે ચર્ચા કરીએ તો આસન એ મુખ્યત્વે શરીરને તથા મનને દૃઢ બનાવે છે, આરોગ્યની દૃષ્ટિએ પણ આસન ખુબ ફાયદાકારક છે, આસન વડે શરીરના વિવિધ અંગોને પોષણ મળે છે, રક્ત પ્રવાહ સુધરે છે અને આસન એ શ્રેષ્ઠ વ્યાયામની ગરજ સારે છે...

અષ્ટાંગ યોગ - આસન
નિરામય

ડો. કેદાર ઉપાધ્યાય

આગલા અંકોમાં આપણે અષ્ટાંક્યોગના પ્રથમ બે સોપાનો, યમ અને નિયમ વિષે પરિચય મેળવ્યો, યમ અને નિયમ એ એક પ્રકારના કન્ડીશનીંગ છે જે મનને બ્રેઇનવોશ કરી નાખે છે, અને સાધક ને યોગના માર્ગ પર ઉન્નત થવા માટે તૈયાર કરે છે.

યમ અને નિયમ બાદ ત્રીજા પગથીયે 'આસન' આવે છે. આ 'આસન' થી આજે તો લગભગ દરેક વ્યક્તિ પરિચિત હશે. કારણ કે આજે 'યોગ' એવું નામ પડે એટલે તરત જ 'આસન' અને 'પ્રાણાયામ' આ બે ઘટનાઓ જ નજરે તરે. 'આસન' નામ ધ્યાને ચડે એટલે તરત જ શરીરના વિવિધ અંગ મરોજ પણ નજરે ચઢે, ખરૂ જ છે, આસન એ શરીરને તેમજ મનને દઢ કરવાનું શ્રેષ્ઠ સાધન છે. મહર્ષિ પતંજલિ એ આસનની ખૂબ સરળ વ્યાખ્યા આપી છે... 'સ્થિર સુખમ આસનમ્...' એટલે કે જેના દ્વારા સ્થિરતાપૂર્વક અને સુખપૂર્વક બેસી શકાય (કે સુઇ શકાય કે ઉભા રહી શકાય) તેને આસન કહે છે.

પતંજલિ એ ફક્ત બેસવાની ક્રિયાને જ આસનની વ્યાખ્યા આપી, પરંતુ હઠયોગના ગ્રંથોએ પશુપક્ષીઓની બેસવાની રીત, પ્રકૃતિના તત્વો તેમજ અલગ અલગ પદાર્થો જેવા કે વૃક્ષ, પર્વત, ધનુષ વગેરે પરથી આસનોની શોધ કરી. આમ, અલગ અલગ ગ્રંથોમાં આસનોની સંખ્યા અને પ્રકારો અલગ-અલગ છે. મુખ્ય ગ્રંથોની વાત કરીએ તો હઠયોગ પ્રદિપીકામાં આસનોની કુલ સંખ્યા ૧૪, તથા ઘેરંડસંહિતામાં ૩૨ પ્રકારના આસનોનું વર્ણન છે.

આસનની ઉપયોગીતા વિષે ચર્ચા કરીએ તો આસન એ મુખ્યત્વે શરીરને તથા મનને દૃઢ બનાવે છે. આરોગ્યની દૃષ્ટિએ પણ આસન ખુબ ફાયદાકારક છે. આસન વડે શરીરના વિવિધ અંગોને પોષણ મળે છે, રક્ત પ્રવાહ સુધરે છે અને આસન એ શ્રેષ્ઠ વ્યાયામની ગરજ સારે છે... શરીર ઉપરાંત આસન મન પર પણ પ્રભાવ પાડે છે. આસન મનોબળ વધારે છે. શરીરને અમુક પરિસ્થિતિમાં અમુક સમય માટે સ્થિર રાખવું એ સહેલું કામ નથી, મન સશક્ત હોય તો જ આ નિત્યક્રમ જળવાઇ શકે. વળી, આસનથી મનની એકાગ્રતા પણ વધે છે. અમુક આસનો ધ્યાન માટે ઉપયોગી છે. (આસનના પ્રકારોમાં જોઇશું) જે મનને ફાયદો કરે છે. આસન વડે શરીરના વિવિધ અંગોને પોષણ મળે છે, રક્તપરિભ્રમણ પ્રાકૃત બને છે. શરીરની દરેક સિસ્ટમ, ચયાપચયની ક્રિયાઓ આદિ સુગઠીત બને છે. માંસ પેશીઓ, સ્નાયુઓ, હાડકાં મજબૂત બને છે યોગદર્શનમાં વર્ણવ્યા મુજબ આસનને કારણે ઠંડી-ગરમી, સુખ-દુઃખ, ભૂખ-તરસ આદિ સહન કરવાની શક્તિ મળે છે.

આસનોના પ્રકારોની વાત કરીએ તો આસનોના મુખ્યત્વે ત્રણ પ્રકારો પાડી શકાય.

● સંવર્ધનાત્મક આસનો :

આ પ્રકારના આસનો વડે શરીર સંવર્ધન થાય છે. શરીર તેમજ અંગોને વિવિધ પ્રકારે વાળવા તેમજ એ પરિસ્થિતિને અભ્યાસપૂર્વક લાંબો સમય ધારણ કરવા એ સંવર્ધનાત્મક આસનોના મુખ્ય ક્રિયાલક્ષણો છે. આમા કષ્ટાનુભવ થાય છે. ભૂજંગાસન, ધનૂરાસન, પશ્ચીમોત્તાનાસન, ચક્રાસન આદિ સંવર્ધનાત્મક આસનો કહી શકાય.

● ધ્યાનધારણાત્મક આસનો :

આ પ્રકારના આસનો ધ્યાનાદિ કાર્ય માટે ઉત્તમ છે. અલ્પકાળથી લઇને અભ્યાસ દ્વારા આ આસનોને લાંબા સમય સુધી પણ ધારણ કરી શકાય છે. પદ્માસન, વજાસન, સિદ્ધાસન આદિને ધ્યાનધારણાત્મક આસનો કહી શકાય.

● વિશ્રાન્તિકર આસનો :

એવા આસનો જેનાથી આરામ મળે તે વિશ્રાન્તિકર આસન છે. જેમને કે શવાસન.

આસનો એ એની ક્રિયા છે જે નિત્ય કરવાથી શરીર-મનને નિરામય રાખે છે. શક્ય હોય ત્યાં સુધી આસનો ખાલી પેટે કરવા... આસન માટે સૌથી અગત્યની બાબત એ કે મનફાવે તેમ આડેધડ આસનો ન કરવા કારણ કે આસન જેટલા ફાયદાકારક છે એટલા જ જો ખોટી રીતે કરવામાં આવે તો નુકસાન કારક પણ છે. ખોટી રીતે આસનો કરવાથી સ્નાયુ - માંસપેશી ખેંચાઇ જવા સંભવ છે. ઉપરાંત બીજી પણ અનેક તકલીફો થઇ શકે. આથી, યોગ્ય માર્ગદર્શકની હાજરીમાં જ આસન કરવા. સાચી રીત સમજાઇ જાય ત્યારબાદ પોતાની રીતે સ્વતંત્ર આસનો કરી શકાય. બીજી અગત્યની વાત, દરેક વ્યક્તિના અંગોની મરોડ તેમજ ધારણ ક્ષમતા સરખી નથી હોતી આશી શરીરને વધુ પડતું કષ્ટ આપવું નહીં. શરીરથી જીરવી શકાય તેટલી જ ક્ષમતામાં, તેટલા જ સમય માટે આસન કરવું. નિયમિત અભ્યાસથી ક્ષમતા અને ધારણ સમય, આ બંનેમાં વધારો થશે. જબરદસ્તી આસન કરવાથી નુકસાન થઇ શકે. અલબત્ત યોગ્ય રીતે, વિધિ-વિવેકપૂર્વક આસન કરીએ તો ચોક્કસ નિરામય રહીએ જ... પ્રાણાયામ વિશે આવતા અંકે...

સામસામી ફટકાબાજી : છેલ્લો ઘા કોનો ?

સમયસર

- કેશુભાઈ દેસાઈ

૨૦૧૪ની લોકસભાની ચૂંટણી એ કોઇ નૈતિક મૂલ્યો કે રાજકીય મુદ્દાઓના આધારે લડાતું ધર્મયુદ્ધ નથી. અહીં તો બધા જ રાજકીય પક્ષો એકબીજાનાં છિદ્રો શોધવામાં વ્યસ્ત છે. નથી કોઇ ભાષાવિવેક જળવાઇ રહ્યો છે કે નથી મુદ્દાસરની ગંભીર ચર્ચાનો અવકાશ રહ્યો. બેઉ મુખ્ય રાજકીય હરીફો એકમેકનાં લૂગડાં ઉતારવાની વેતરણમાં પડ્યા છે. શરૂઆત અલબત્ત ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનાં બેજવાબદાર અને વાહિયાત વાણીવિલાસ જ કહેવાલાયક પ્રવચનોથી થઇ હતી. મોદી સારા વક્તા છે અને નેતા કરતાં સવિશેષ અભિનેતા જેવી વાક્પટુતા ધરાવે છે. શબ્દોની મરડ-ઠરડ અને કટાક્ષ દ્વારા એ જનમેદનીની વાહવાહી મેળવી શકે છે. એમને દેશભરમાં ઝંઝાવાતી પ્રચાર ઝુંબેશ ચલાવીને પોતે અને માત્ર પોતે જ આ દેશની એની તમામ સમસ્યાઓનો છુટકારો અપાવવાની ક્ષમતા ધરાવે છે એવી વાહિયાત રજૂઆત કરી, જે મોંઘવારી અને ભ્રષ્ટાચારથી ત્રાસી ગયેલી ભલીભોળી પ્રજાને ગળે પણ ઊતરતી હોય એવું વાતાવરણ સરજાયું. યુપીએ-૨ સરકાર સામેના તમામ મુદ્દાઓ ઉછળવા ઉપરાંત સીધાસાદા અર્થશાસ્ત્રી વડાપ્રધાનને ભાજપ દ્વારા અત્યાર સુધીના સૌથી નબળાં વડાપ્રધાન તરીકે ચીતરવાનો પ્રયાસ કરાયો જેનો કોંગ્રેસ કોઇ પ્રતીતિકર ખુલાસો પણ નથી કરી શકી. સૌથી મહત્ત્વનો મુદ્દો નહેરૂ-ગાંધી પરિવારના શાસનનો રહ્યો. કોંગ્રેસ જેવા રાષ્ટ્રવ્યાપી પક્ષ પાસે એક પરિવાર સિવાય કોઇ નેતૃત્વ જ નથી વિકસી શક્યું તે વાત પણ પ્રજાને માનવા જેવી લાગે, એમાં શી નવાઇ? અલબત્ત, પંડિત નહેરુ આધુનિક ભારતનાં શિલ્પી હતા પરંતુ નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના જ ઉપેક્ષિત ગુજરાતી નેતા લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલને રીતસર હાઇજેક કરી લઇ નહેરૂ-ગાંધી પરિવારનાં વર્તમાન પ્રતિનિધિ સોનિયા-રાહુલને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દીધાં. એટલું ઓછું હોય એમ બાબા રામદેવે ઉછાળેલો વિદેશી બેંકોમાં પડેલાં કાળાં નાણાંવાળો મુદ્દો ઊપસી આવ્યો અને ઊંટની પીઠ ઉપરનાં તણખલાની જેમ છેલ્લે જમાઇરાજના તથાકથિક જમીન કૌભાંડની ગાથા ચાલુ થઇ. અંગત જીવન વિશેના અને સગાસંબંધીઓનાં મુદ્દા ઉછાળી બેઉ પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચારને ભાંડણલીલામાં ફેરવી દીધી છે. પાછા આવા આક્ષેપો ફક્ત કાગળ ઉપર છે, એમને સાબિત કરવાની જાણએ કોઇને ઉતાવળ છે જ નહીં! રોબર્ટ વાડરા વેપારી પરિવારનું ફરજંદ છે. કોંગ્રેસ શાસિત હરિયાણા, હિમાચલ અને રાજસ્થાનમાં એમણે સસ્તા ભાવે જમીન ખરીદી અને ટૂંકા ગાળામાં અબજપતિ બની ગયા, એ મતલબની સીડી અને પુસ્તિકા બહાર પાડીને ભારતીય જનતા પાર્ટીએ પ્રિયંકા ગાંધીની ઊભરતી કરિશ્માને ગ્રહણ લગાડવાની ચેષ્ટા કરી છે.

કોંગ્રેસ પાસે ગાંધી-નહેરૂ પરિવારનો સૌથી પ્રભાવક ચહેરો હવે પ્રિયંકા છે. એ રખેને પ્રચાર ઝુંબેશમાં જોતરાઇને પ્રજાને એની ભુરકી લગાડે, એમ વિચારી ભાજપના વ્યૂહરચનાકારોને વાડરાના જમીન કૌભાંડને ચગાવી પાણી પહેલાં પાળ બાંધી દેવાનો પ્રયાસ કર્યો છે. અશોક ખેમકા જેવા સનદી અધિકારીએ વાડરાની જમીન સંદર્ભે ઉઠાવેલ વાંધાવચકા ભાજપ માટે કોંગ્રેસના રાજવંશી પરિવારને બદનામ કરવા માટેનું બ્રહ્માસ્ત્ર હોય એવો માહોલ સરજી ભાજપ ચૂંટણી પહેલાં જ વિજેતાના તોરમાં રાચવા માંડવું હતું ત્યાં કોંગ્રેસને મોદીના હવાલા કૌભાંડી અફરોઝ ફટ્ટા સાથેના ફોટા હાથ લાગતાં ભાજપના નેતાઓની જાણે બોલતી જ બંધ થઇ ગઇ છે. કેન્દ્રના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ગયા મહિને જ અફરોઝ ફટ્ટાના ઘરે દરોડા પાડી રૂ. ૭૦૦ કરોડ જેવી જંગી રકમ જપ્ત કરાઇ હતી. સુરતના આ વહાલા કારોબારી સાથે ભાજપનું કનેકશન હોવાનો મુદ્દો એ કોંગ્રેસ દ્વારા સમયસર ફટકારાયેલો ઘા છે. આ મુદ્દે ઘટસ્ફોટ થતાં જ રઘવાયા બની ગયેલા મોદીના લાકડવાયા અમિત શાહે ટ્વિટર પર અફરોઝ ફટ્ટાનો અઝરૂદ્દીન સાથેનો ફોટો મુકી વળતો પ્રહાર કર્યો ખરો, પરંતુ પછી એમને સમજાયું હશે કે અઝરૂદ્દીન એ કોઇ કોંગ્રેસનો રાષ્ટ્રીય નેતા કે વડાપ્રધાનપદનો ઉમેદવાર નથી. એટલે કે ફોટો તાબડતોબ હટાવી પણ દેવાયો છે. ગુજરાતની છવ્વીસ બેઠકો સહિત કુલ નેવ્યાસી બેઠકોની ચૂંટણીના આ સાતમા તબક્કે પહોંચેલા મોદી ચક્રવ્યૂહનો છેલ્લો કોઠો ભેદી શકશે કે કેમ એ મોટો સવાલ છે. અત્યારે તો તેઓ ચારે તરફથી ઘેરાઇ ગયા છે. એક તરફ વારાણસીમાં કેજરીવાલ આણિ મંડળીએ ધામા નાખ્યા છે તો બીજી તરફ બંગાળની વાઘણ મમતા બેનરજીએ ઘુરકિયાં શરૂ કરી દીધા છે. મોદીએ મમતાના સમર્થનની અપેક્ષાએ એમના તરફ નરમ વલણ અપનાવ્યું હતું, પરંતુ મમતાએ એમની પ્રકૃતિ મુજબ સ્પષ્ટ શબ્દોમાં મોદીની સામે પુણ્યપ્રકોપ ઠાલવ્યો તે પછી મોદીએ મમતાના ચિત્રોની ભારે કિંમતે ખરીદી થઇ હોવાનો આક્ષેપ કર્યો, જેને મમતાને બદનક્ષી ગણીને અદાલતી કાર્યવાહી કરવાની ધમકી આપી છે. બાંગ્લાદેશી નિર્વાસીતોને હાંકી કાઢવાની મોદીના તડાકા-ભડાકા સામે મમતાએ ચુનોની ઢાલ ધરીને એમને પડકાર્યા છે. મમતા જેવો જ વિરોધ માયાવતી કરી રહ્યાં છે અને દક્ષિણના અમ્મા તો પોતે જ ત્રીજા મોરચાનાં નેતા તરીકે વડાપ્રધાનપદની રેસમાં છે રાણાનો પહેલો ઘા નિષ્ફળ જશે કે શું?